**રે.દિ.મુ.નં.૧૦/૨૦૧૭**

<u>આંક.૫ થી ઓર્ડર–૩૯ રૂલ–૧,૨ તથા કલમ–૧૫૧ તળે વચગાળાનો કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી તળે હુકમ :–</u>

સદરહુ અરજી વાદી તર્ફે સી.પી.સી.ઓર્ડર–૩૯, રૂલ–૧ તથા ૨ અને સી.પી.સી.કલમ–૧૫૧ તળે વચગાળાનો કામચલાઉ મનાઈ હુકમ મેળવવા બાબતે કરવામાં આવેલ છે અને વાદીની હાલની અરજીની ટુકમાં હકીકત એ મુજબની છે કે,

આ કામના વાદી ગઢડા શામળાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ છે અને જે ટ્રસ્ટ બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એકટ હેઠળ રજીસ્ટેશન નં.એ/૧૯૩/સા.કાં. થી તા.૧૯/૩/૧૯૯૫ના રોજથી નોંધાયેલ છે. અને વાદીને સદરહુ ટ્રસ્ટના પ્રમુખ તરીકે તા.૨૨/૭/૨૦૧૭ના રોજ કારોબારી સભાના ઠરાવ નં.૨ થી પ્રતિવાદી નં.૧ અને ૨ વિરૂઘ્ધ દાવો દાખલ કરવાની સત્તા આપવામાં આવેલી છે.

વાદીની હાલની અરજીમાં હકીકત એ મુજબની છે કે મોજે ગઢડા, તા.ખેડબ્રહમા, જિ.સાબરકાંઠાની સીમના સર્વે નં.૧૪ કે જેનો રી સર્વે પછીનો સર્વે નં.૨૧૪ અને ૨૧૫ કે જે તા.૨૪/૧૧/૧૯૬૨ના રોજની નોંધ નં.૧૮૬ થી વાદી ગઢડા શામળાજી મંદિરના નામે દાખલ કરવામાં આવેલ અને ત્યારથી સદરહુ સર્વે નં.૧૪ પર વાદી ટ્રસ્ટનો કબજો ભોગવટો આવેલ છે અને સદરહુ સર્વે નં.૧૪ વાળી જમીનનો વાદી ટ્રસ્ટ વાપર ઉપયોગ કરતો આવેલ છે. સદરહુ સર્વે નં.૧૪ ને રી સર્વે પછી નવો સર્વે /બ્લોક નં.૨૧૪ ની ૩–૪૦–૮૮ હે.આરે.ચો.મી ,અને ૨૧૫ની ૧–૬૮–૮૭ હે.આરે.ચો.મી. એમ કુલ ૫–૦૯–૭૫ હે.આરે.ચો.મી.જમીન આવેલી છે અને બંને સર્વે /બ્લોક નં.૨૧૪ અને ૨૧૫ ના કુલ ક્ષેત્રફળ ૫–૦૯–૭૫ હે.આરે.ચો.મી.વાળી જમીનના સદરહુ ટ્રસ્ટ ગઢડાશામળાજી સ્વતંત્ર માલીક કબજેદાર અને ભોગવટેદાર છે. અને જે જમીનનો આજદિન સુધી વાપર ઉપયોગ હકક ઈજારો કબજો ભોગવટો અને વહીવટ સદરહુ ટ્રસ્ટ ઘ્વારા કરવામાં આવેલ છે.

વિશેષમાં વાદીની રજુઆત છે કે સદરહુ સર્વે નં.૧૪ પૈકીમાં શાળાના ઓરડા બનાવવા સારૂ વાદી ટ્રસ્ટ ઘ્વારા તા.૧–૪–૧૯૮૪ના ઠરાવ નં.૧ થી જમીન ફાળવેલ અને સદરહુ શાળાના બાળકોને રમતગમત માટે દક્ષિણે ૪૫×૫૦ વાળી જમીન ફાળવેલી અને સદરહુ બ્લોક /સર્વે નં.૨૧૪ અને ૨૧૫માં પ્રતિવાદીઓ કે અન્ય કોઈ ઈસમોનો કોઈપણ પ્રકારે લાગભાગ, હકક, હિત કે હિસ્સો આવેલો નથી.

પરંતુ વાદીની રજુઆત છે કે આ કામના પ્રતિ નં.૧ ઘ્વારા સદરહુ જમીનમાં ગેરકાયદેસરનુ બાંધકામ ચાલુ કરતા ચૌહાણ અંગુરસિહ રતનસિહનાઓ ઘ્વારા મે.કલેકટરશ્રી, સા.કાં.નાઓની તા.૩/૧/૨૦૧૫ના રોજ ગે.કા. બાંધકામ અટકાવવા માટે અને બાંધકામ દુર

કરવા સારૂ અરજી કરવામાં આવેલ હતી અને જે અરજી અનુસંધાને મે.કલેકટર સાહેબશ્રીએ તા.૨૩/૧/૨૦૧૫ના રોજ હુકમ કરી તાકીદે બાંધકામ બંધ કરવા તથા વિવાદીત જગ્યામાં બાંધકામ અંગેની કોઈપણ પ્રવૃતી કરવા સામે પ્રતિ.નં.૧ વિરૂધ્ધ મનાઈ હુકમ ફરમાવેલ અને મે. કલ ેકટરશ્રી, સાબરકાંઠાનાઓ ધ્વારા ડિસ્ટ્રીકટ ઈન્સ્પેકટર લેન્ડ રેકર્સ, સાબરકાંઠાનાઓને સદરહુ જમીનની માપણી કરવા અને રીપોર્ટ કરવા જણાવતાં ડિસ્ટ્રીકટ ઈન્સ્પેકટર લેન્ડ રેકર્સ, સાબરકાંઠાના અધિકૃત અધિકારી ધ્વારા તા.૨૬/૬/૨૦૧૫ના રોજ માપણી કરાવવામાં આવેલ હતી અને પ્રતિવાદી નં.૧નાઓએ સર્વે નં.૧૪ની જમીનમાં પાયા પુરેલ છે તેવુ સ્પષ્ટ પણે માપણીમાં દર્શાવેલ હતુ અને માપણી સીટ જોતાં સર્વે નં.૨૧૪ અને ૨૧૫ માં ગેરકાયદેસરનુ બાંધકામ કરેલાનુ સ પષ્ટપણે જણાય છે. ત્યારબાદ મે.કલેકટરશ્રી, સાબરકાંઠા ધ્વારા પ્રતિવાદીનો સદરહુ જમીન પર કોઈ જ હકક હીત કે અધિકાર ન હોવા છતાં ગે.કા.રીતે બાંધકામ ચાલુ કરેલ જે અંગે આર.ટી.એસ./૫રચ/કેસનં.૧/૨૦૧૫ થી મે.કલેકટરશ્રી, સાબરકાંઠાનાઓની કોર્ટમાં ચાલી જતાં મે.સાહેબશ્રીએ તા.૨૧/૯/૨૦૧૬ના રોજ હુકમ કરી ચૌહાણ અંગુરસિહ રતનસિહ નાઓની અરજી માન્ય રાખી પ્રતિવાદી નં.૧ ધ્વારા સર્વે નં.૧૪ ની જગ્યામાં અનધિકૃત બાંધકામ કરવામાં ન આવે તેવી તકેદારી રાખવા ગઢડા શામળાજી ગ્રામ પંચાયતને સુચના આપવામાં આવેલ અને આમ આટલી સ્પષ્ટ હકીકત હોવા છતાં ગે.કા. રીતે પાયાનુ બાંધકામ કરી અને સર્વે નં.૧૪ ની જગ્યામાં મે. કલેકટર સાહેબશ્રીનો હુકમ હોવા છતાં પ્રતિ નં.૧ અને ૨નાએ તદન ગેરકાયદેસર અને બિનઅધિકૃત રીતે પાયા ઉપર મકાનનુ ઈંટ, રેતી, સીમેન્ટથી ચણતર ચાલુ કરેલ હોય વાદી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ધ્વારા દાવાવાળી વાદગ્રસ્ત મિલકતમાં બાંધકામ ન કરવા સારૂ જણાવતા પ્ર તિવાદીઓએ વાદી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ઉપર ઉશ્કેરાઈ જઈ ધમકીઓ આપેલી અને જણાવેલ કે કોઈપણ ભોગે મકાન બનાવીને જ જંપીશુ અને તા.૨૨/૭/૨૦૧૭ના રોજ તાકીદે મીટીગ બોલાવી પ્ર તિવાદીઓનુ ગેરકાયદેસરનુ કૃત્ય અટકાવવા મૌખિક રીતે સુચના આપવા જતાં આ કામના પ્ર તિવાદીઓ તથા તેમના ઘરના સભ્યો અમો વાદી ટ્રસ્ટના સભ્યો ઉપર ઉશ્કેરાઈ જઈ અને ધમકીઓ આપેલી અને જણાવેલ કે અહીયા જે ઈંટો, પત્થર પડેલ છે તે તમારા સગા નહી થાય અને તમારા માથા ફોડી નાખીશુ. જેથી વાદી ટ્રસ્ટના ટ્રસ્ટીઓની તાત્કાલીક મીટીગ બોલાવી પ્રતિવાદીઓનુ ગે.કા.નુ કૃત્ય તાકીદે અટકાવવા અને કાર્યવાહી કરવા ઠરાવ કરી હાલના વાદીને સદરહુ દાવો અને મનાઈ હુકમ મેળવવા માટે કાનુની કાર્યવાહી કરવા માટે સત્તાઓ આપવામાં આવેલ હતી.

આમ, વાદીની તેઓની હાલની આંક.૫ની અરજીની ઉપરોકત મુજબની રજુઆત ની સાથે વિશેષમાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે પ્રતિવાદીઓનુ આ ગે.કા.નુ કૃત્ય તાકીદે અટકાવવા તથા દાવાવાળી વાદગ્રસ્ત મિલકત ઉપરના વાદી ટ્રસ્ટના કાયદેસરના હકક હિતોના રક્ષણ માટે તથા ડેકલેરેશન અને આદેશાત્મક હુકમ મેળવવા વાદીએ હાલનો દાવો લાવેલ

છે અને ચાલતા દાવાના કામે ગે.કા.નુ બાંધકામ અટકાવવા માટે વચગાળાનો કામચલાઉ મનાઈ હુકમ મેળવવા તાકીદની જરૂર હોય હાલની અરજી દાખલ કરેલ છે. તેમ કહી તેઓએ સદરહુ વાદવાળી મિકલત જુના સર્વે નં.૧૪ કે જેનો રી સર્વે નં.૨૧૪ અને ૨૧૫ વાળી જમીન પર પ્રતિવાદીઓ કોઈપણ પ્રકારે પ્રવેશ કરે કરાવે નહી કે વાદીના કબજા ભોગવટામાં કોઈ હરકત હેલો થાય તેવુ કૃત્ય કરે કરાવે નહી કે વાદી ટ્રસ્ટને સદરહુ મિલકતનો વાપર ઉપયોગ કરતા હરકત, હેલો કે અંતરાય ઉભો કરે નહી તથા પ્રતિવાદીઓ સદરહુ ટ્રસ્ટના મંદિરમાં આવતા ઈસમોને કોઈ અડચણ, અંતરાય ઉભુ કરે નહી તેવુ પ્રતિવાદીઓ વિરૂઘ્ધ અને વાદીના ફેવરમાં ચાલતા દાવાના કામે વચગાળાનો કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા દાદ માંગેલ છે.

આ કામે વાદીની આંક.પની કામચલાઉ મનાઈ હુકમની અરજીના કામે પ્રતિ નં.૧ અને ૨ તર્ફે લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે તેમાં મહદ અંશે તેઓએ વાદીની જણાવેલ હકીકતોનો ઈનકાર કરેલ છે અને તેઓની વિશેષમાં રજુઆત છે કે તેઓ પંચાયતમાં હાલની તારીખમાં આકારણી મુજબનો કર ભરે છે અને ભરતા આવેલા છે વાદીને સદરહુ જમીન રાવ રાજાજીશ્રી પેટે ગઢડા શામળાજીએ તા.૧૩/૭/૧૯૫૪માં ૫૦×૬૦ નો પ્લોટ આપેલો જેનો પરવાનો પણ પ્રતિવાદીઓ પાસે છે અને જેની હદ મરજાદ પણ સ્પષ્ટ છે પરંતુ પાછળથી સને–૧૯૬૨માં વાદીએ ગઢડા શામળાજીનો સર્વે નં.૧૪ તેમના નામે કરાવેલો અને પ્રતિવાદીઓ પાસે તેમનો પરવાનો હોય પરંતુ વાદીએ સદરહુ રી સર્વે થતા પ્લોટ ઉપર અતિક્રમણ કરેલ છે અને તે પહેલાં પ્ર તિવાદીઓએ પ્લોટ ઉપર મકાનના પાયા ભરી દીધેલ હતા અને પંચાયતમાં આકારણી પણ કરાવી દીધેલ હતી. ત્યારબાદ વાદીએ તેમની વગનો ઉપયોગ કરી કલેકટર સાહેબને મળેલા અને ખોટી રીતે માપ કરાવડાવી અમો પ્રતિવાદીઓનો પ્લોટ સર્વે નં.૧૪ માં પડે છે તેવુ જાહેર કરાવડાવી અને મે. કલેકટર સાહબેશ્રીએ આર.ટી.એસ.કેસમાં શામળાજી મંદિર ટ્રસ્ટ ઘ્વારા દબાણ દુર કરાવવા સીવીલ કોર્ટ /પોલીસ ફરીયાદ વગેરે કાર્યવાહી કરવા પાત્ર છે તેવુ જણાવ્યા છતાં આશરે ૧૧ મહીના બાદ એકાએક હાલનો દાવો વાદીએ ખોટી રીતે ખોટી રજુઆતો કરી કોર્ટમાં દાખલ કરેલ છે. જેથીની વાદીની હાલની આંક.પની અરજી પ્રાઈમાફેસી ન હોય અને વજુદવાળી ન હોય તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીના ફેવરમાં ન હોય અને વાદીને કોઈ પારાવાર નુકશાન જાય તેમ ન હોય અને સદરહુ જમીનની આકારણી કરી તેનો કર આજદિન સુધી પ્રતિવાદીઓ ભરતા આવેલ હોય અને સદરહુ વાદવાળી જુનો સર્વે નં.૧૪ વાળો પ્લોટ હકીકતમાં પ્રતિવાદીઓને રાવ રાજાજીશ્રી ઈન્દ્રસિહજી સાહેબ, પટે પઢડા શામળાજીના પરવાનાના આધારે મળેલ છે જેથી સદરહુ જમીન સને–૧૯૫૪ થી ૧૯૬૨ સુધી પ્રતિવાદીઓના નામે ચાલી આવેલ હતી અને ત્યારબાદ રી સર્વે થતાં તેઓની ઉચી વગ ધરાવી સદરહુ પ્લોટ અમારી માલીકીના હોય રેવન્યુ રેકર્ડ પર ખોટી રીતે ગઢડા

શામળાજી મંદિર ટ્રસ્ટના નામે ચઢાવેલ છે જેથી આંક.૫ની હાલની અરજી ના–મંજુર કરવા અરજ કરેલ છે.

આ તબકકે વાદી તથા પ્રતિવાદી તર્ફે તેઓના પ્લીડીંગના સમર્થનમાં તથા દલીલોના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી આધાર પુરાવા રેકર્ડ પર રજુ કરેલ છે.

**<u>વાદી તર્ફે આંક.૪ અને આંક.૧૪ થી દસ્તાવેજી આધાર લીસ્ટ</u>**

| | |
|---|---|
| ૧. મંદિર ટ્રસ્ટની નોંધણીના દાખલાની ઝેરોક્ષ ખરી નકલ | નિ.૪/૧ |
| ૨. મંદિર ટ્રસ્ટની કારોબારીની મીટીંગના ઠરાવની ઝેરોક્ષ ખરી નકલ | નિ.૪/૨ |
| ૩. ખાતા નં.૨૭૭ ખેતીની જમીનનો ૮–અ નો ઉતારો | નિ.૪/૩ |
| ૪. બ્લોક /સર્વે નં.૨૧૪ નો ખેતીની જમીનો ગામ નમુના ૭ નો ઉતારો | નિ.૪/૪ |
| ૫. બ્લોક /સર્વે નં.૨૧૪ નો ખેતીની જમીનો ગામ નમુના ૧૨ નો ઉતારો | નિ.૪/૫ |
| ૬. બ્લોક /સર્વે નં.૨૧૫ નો ખેતીની જમીનો ગામ નમુના ૭ નો ઉતારો | નિ.૪/૬ |
| ૭. બ્લોક /સર્વે નં.૨૧૫ નો ખેતીની જમીનો ગામ નમુના ૧૨ નો ઉતારો | નિ.૪/૭ |
| ૮. ખાતા નં.૨૭૭ સર્વે નં.૨૧૪ સર્વે નં.૨૧૫ના ખેતીની જમીનનો ગામ નમુના નં.૬ ની હકકપત્રકની નોંધ નં.૧૦૧ ના ઉતારાની ખરી નકલ | નિ.૪/૮ |
| ૯. ખાતા નં.૨૭૭ સર્વે નં.૨૧૪ સર્વે નં.૨૧૫ના ખેતીની જમીનનો ગામ નમુના નં.૬ ની હકકપત્રકની નોંધ નં.૧૮૬ ના ઉતારાની ખરી નકલ | નિ.૪/૯ |
| ૧૦.ખાતા નં.૨૭૭ સર્વે નં.૨૧૪ સર્વે નં.૨૧૫ના ખેતીની જમીનનો ગામ નમુના નં.૬ ની હકકપત્રકની નોંધ નં.૨૩૫ ના ઉતારાની ખરી નકલ | નિ.૪/૧૦ |
| ૧૧.ખાતા નં.૨૭૭ સર્વે નં.૨૧૪ સર્વે નં.૨૧૫ના ખેતીની જમીનનો ગામ નમુના નં.૬ ની હકકપત્રકની નોંધ નં.૧૦૯૯ ના ઉતારાની ખરી નકલ | નિ.૪/૧૧ |
| ૧૨.પ્રાથમીક શાળાને જમીન ફાળવ્યા અંગેના પત્રની ઝેરોક્ષ સર્ટીફાઈડ નકલ | નિ.૪/૧૨ |
| ૧૩. ચૌહાણ અગરૂસિંહ રતનસિંહે કલેકટરશ્રીને કરેલ અરજીની ઝેરોક્ષ સર્ટીફાઈડ નકલ | નિ.૪/૧૩ |
| ૧૪. ડી.એલ.આર. કચેરીએ કલેકટરશ્રીને લખેલ પત્રની ઝેરોક્ષ સર્ટીફાઈડ નકલ | નિ.૪/૧૪ |
| ૧૫. કલેકટરશ્રીના આદેશ અન્વયે ડી.એલ.આર.કચેરીના ધ્વારા ટ્રસ્ટની જમીનની કરેલ માપણીના નકશાની ઝેરોક્ષ સર્ટીફાઈડ નકલ | નિ.૪/૧૫ |
| ૧૬. કલેકટરશ્રીના સાબરકાંઠાની કોર્ટના આર.ટી.એસ.કેસ નં.૧/૨૦૧૫ની ઝેરોક્ષ સર્ટીફાઈડ નકલ | નિ.૪/૧૬ |

૧૭. ફોટોગ્રાફસ નંગ–૪ નિ.૧૪/૧

૧૮. ફોટોગ્રાફસનુ બીલ નિ.૧૪/૨

**<u>પ્રતિવાદી તર્ફે આંક.૧૨ થી દસ્તાવેજી આધાર લીસ્ટ</u>**

| | |
|---|---|
| ૧. પરવાનો | નિ.૧૨/૧ |
| ૨. પેઢીનામુ | નિ.૧૨/૨ |
| ૩. પેઢીનામાનુ સોગંધનામુ | નિ.૧૨/૩ |
| ૪. ચૌહાણ વીરસિહ હરીસિહ નુ સોગંધનામુ | નિ.૧૨/૪ |
| ૫. નમુના નં.૮ આકારણી પત્રક | નિ.૧૨/૫ |
| ૬. કર ભર્યા બદલની પહોચ | નિ.૧૨/૬ |
| ૭. કર ભર્યા બદલની પહોચ | નિ.૧૨/૭ |

ઉપરોકત મુજબના બંને પક્ષકારોના પ્લીડીગસ ધ્યાને લીધા તથા દસ્તાવેજી આધાર પુરાવા ધ્યાને લીધા તથા બંને પક્ષકારોની અરજી પરની વિસ્તૃતમાં દલીલો સાંભળી, વાદી તર્ફે વિ.વ.શ્રી આર.જે.ચૌહાણની રજુઆત છે કે સદરહુ મિલકત ગઢડા શામળાજી મંદિર ટ્રસ્ટના નામે ચાલતી આવેલ છે અને સદરહુ મિલકત ઉપર ગે.કા. રીતે પાયા પુરી તથા ગ્રામ પંચાયતની પરવાનગી લીધા વગર તથા ગામ નમુના નં.૨માં પ્રતિવાદીઓનુ નામ ચઢેલ ન હોય તેમ છતાં સરપંચ સાથે મિલાપી પણામાં આવી ખોટી રીતના સદરહુ મિલકતનો કરવેરો ભર્યાની પહોચ મેળવી હાલની જમીન ઉપર પ્રતિવાદી નં.૧ અને ૨નાઓએ ગે.કા.બાંધકામ હાથ ધરેલ છે. વિશેષમાં આ કામે મે.કલેકટર સાહેબશ્રી સમક્ષ આર.ટી.એસ./પરચ/કેસ નં.૧/૨૦૧૫ જમીન મહેસુલ નિયમ–૧૦૮ (૬) હેઠળ રીવીઝન અરજી ચાલી ગયેલ હતી જે અરજી અનુસંધાને પ્રતિવાદીઓ જે દસ્તાવેજી આધાર વાળો પરવાનો રેકર્ડ પર રજુ કરેલ છે તે પરવાનો ખોટો બનાવટી અને ઉપજાવી કાઢેલ હોવાનુ જણાવી તથા લેન્ડ રેવન્યુ ઈન્સ્પેકટર પાસે મે. કલેકટર સાહેબશ્રીએ જુના સર્વે નં.૧૪ તથા રી સર્વે નં.૨૧૪ અને ૨૧૫ વાળી જમીન બાબતે માપણી કરાવતા લેન્ડ ઈન્સ્પેકટરશ્રી ધ્વારા નકશો તૈયાર કરી રજ કરવામાં આવેલ હતો અને જેમાં પ્રતિવાદીઓએ સર્વે નં.૧૪ જેનો રી સર્વે નં.૨૧૪ અને ૨૧૫ છે જેમાં ગે.કા.રીતે પાયા ખોદી દબાણ કરેલાનુ સ્પષ્ટપણે ફલીત થાય છે. તેવુ નામ. કલેકટર સાહેબશ્રીએ તેમના ચુકાદામાં જાહેર કરેલ છે અને નામ. કલેકટર સાહેબશ્રીએ ગઢડા શામળાજી ગ્રાંમ પંચાયત ધ્વારા પ્રતિ નં.૧ ધ્વારા સર્વે નં.૧૪ વાળી જગ્યામાં અનધિકૃત બાંધકામ કરવામાં ન આવે તેની તાકીદ રાખવા સુચન કરવામાં આવેલ છે તેમ છતાં પ્રતિવાદીઓએ ગ્રામ પંચાયત

સાથે મિલાપી પણામાં આવી ખોટી રીતે હાલની જમીન પર દબાણ કરવાની અને બાંધકામ કરવાની તજવીજ હાથ ધરેલ છે અને ધાબા સુધીની બાંધકામની કાર્યવાહી કરેલ છે. વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીના ફેવરમાં છે તથા વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો પ્રતિવાદી તેની ગે.કા.નુ બાંધકામ કરવામાં સફળ થાય તેમ છે અને જેને કારણે વાદી ટ્રસ્ટને નાણામાં વસુલ ન થઈ શકે તેવુ નુકશાન થવાની પુરેપુરી સંભાવનાઓ રહેલી છે જેથી વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવા માટે અરજ કરેલ છે.

આ તબકકે પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી આર.આર.જાનીની રજુઆત છે કે વાદી મે.કલ ેકટર સાહેબ સાથે પોતાની ઉચી વગનો ગેરલાભ લઈ ખોટી આર.ટી.એસ.અરજી ત્રાહીત વ્યકિત ધ્વારા પ્રતિવાદીઓ વિરૂધ્ધ દાખલ કરાવી તથા સદરહુ જમીનની ખોટી રીતે માપણી કરાવી મે. કલ ેકટર સાહેબ પાસેથી ખોટા દસ્તાવેજી આધાર પુરાવાના આધારે પ્રતિવાદીઓ વિરૂધ્ધ હુકમ મેળવેલ છે. સદરહુ જમીન પ્રતિવાદીઓને રાવ રાજાજીશ્રી ઈન્દ્રસિહજી સાહેબ ધ્વારા પરવાનાના આધારે પ્રા પ્ત થયેલ છે અને સદરહુ જમીનની હદ મરજાદ ચારે દિશાની તે પરવાનામાં જણાવવામાં આવેલી છે અને જે પરવાનો સને—૧૯૫૪ના માહે જુલાઈ તારીખ ૧૩ નો આપવામાં આવેલ છે. વિશેષમાં સદરહુ જમીન રી—સર્વે પહેલા અને સને—૧૯૬૨ પહેલાં પ્રતિવાદીઓના નામે ચાલી આવેલ હતી. પરંતુ વાદીએ તેનો ઉચી વગનો ગેરલાભ લઈ રેવન્યુ દફતરે ગેરકાયદેસર રીતે અધિકારીઓ સાથે મિલાપી પણા કરી સદરહુ જમીન હડપ કરવા પોતાનુ નામ ખોટી રીતે ચઢ ાવેલ છે તથા સદરહુ પરવાનો અમોને અસલ રાવ રાજાજી તરફથી મળેલ હોય જે પરવાનો તેમના વારસદારોને પણ કબુલ મંજુર રહેલ છે અને જે પરવાનાના આધારે પ્રતિ નં.૧ અને ૨ કાયદેસરના માલીક હોય અને નામ. કલેકટર સાહેબે જે હુકમ કરેલ છે તે હુકમ બાદ આશરે ૧૧ માસ બાદ વાદી હાલનો દાવો દાખલ કરેલ છે જેથી હાલનો દાવો ૧૧ માસ બાદ દાખલ કરવા બાબતે વાદી તર્ફે કોઈ સ પષ્ટ ખુલાસો રેકર્ડ પર કરવામાં આવેલ નથી. વિશેષમાં પ્રતિવાદી હાલની તારીખમાં પણ ગ્રામ પંચાયતમાં સદરહુ મિલકતનો કરવેરો ભરતા આવેલ છે. જો વાદીની માલીકીની મિલકત હોય તો વાદીએ આજદિન સુધી કરવેરો ભરેલ છે કે ભરેલ નથી અને નથી ભરેલ તો કયા કારણ સર ભરેલ નથી તે સ્પષ્ટ હકીકત વાદી તર્ફે લાવવામાં આવેલ નથી જેથી વાદી ચોખ્ખા હાથે નામ. કોર્ટ પાસ ે આવેલ નથી અને વાદી ખોટી હકીકતો વાળો અને ખોટી રજુઆત કરી મે. કલેકટર સાહેબ પાસેથી ખોટો હુકમ મેળવેલ હોય અને જે હુકમ ગે.કા.નો અને ભુલ ભરેલો હોય જે હુકમના આધારે વાદી હાલનો દાવો અને મનાઈ હુકમ મેળવવા અરજી કરેલ હોય જે ટકવા પાત્ર રહેતી નથી. વિશેષમાં વાદીએ તેના દાવાના તમામ પ્લીડીગ્સમાં સદરહુ જમીન ૧૯૬૨માં કયા આધારે વાદી ટ્રસ્ટના નામે ચઢી છે તે અંગે કોઈ સ્પષ્ટ ખુલાસો રેકર્ડ પર કરેલ નથી જેથી પણ વાદી ચોખ્ખા હાથે નામ. કોર્ટ સમક્ષ આવેલ હોય તેવુ જણાઈ આવતુ નથી અને વાદીનો પ્રાઈમાફેસી કેસ ન હોય તથા બેલેન્સ ઓફ

કન્વીનીયસન્સ વાદીના ફેવરમાં ન હોય અને વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો કોઈ નુકશાન જવાની સંભાવનાઓ રહેલી નથી. વિશેષમાં પ્રતિવાદી તર્ફે તેઓની રજુઆત છે કે પ્રતિવાદી પાસે જે પરવાનો છે તે પરવાનો સાચો છે કે ખોટો તે પુરાવાનો વિષય છે અને સને –૧૯૬૨માં વાદી ટ્રસ્ટનુ નામ સદરહુ મિલકતમાં કયા આધારે દાખલ થયેલ છે તે પણ પુરાવાનો વિષય હોય હાલના તબકકે તે હકીકતોના આધારે વાદીની આંક.૫ની અરજી ગ્રાહય રાખી શકાય નહી જેને ન્યાયના હિતમાં રદ કરવા અરજ કરેલ છે.

ઉપરોકત મુજબની બંને પક્ષકારોની દલીલો તથા કેસનુ રેકર્ડ તથા રજુથયેલ દસ્તાવેજી આધાર પુરાવા તથા તેની સાથે અત્રેની કોર્ટના કોર્ટ કમિશ્નર ધ્વારા વિવાદીત મિલકતનુ કરવામાં આવેલ પંચનામુ જે નિ.૯/૨ થી તા.૧૬/૮/૨૦૧૭ના રોજ રેકર્ડ રજુ થયેલ છે તથા નિ.૯/૩ થી રેકર્ડ પર સ્થાનીક જગ્યાનો કોર્ટ કમિશ્નર ધ્વારા કરવામાં આવેલ નકશો રેકર્ડ પર રજુ છે તથા વાદી પ્ર તિવાદીનુ પ્લીડીગસ અને તેમાં રજુ થયેલ પ્રથમ દર્શનીય હકીકતો ધ્યાને રાખતાં અત્રેની કોર્ટને સદરહુ અરજીના તથા સી.પી.સી.ઓર્ડર –૩૯ રૂલ–૧,૨ તથા કલમ–૧૫૧ના નિર્ણય પર પહોચવા

નીચે મુજબના ત્રણ મહત્વના મુદા અંગે ચર્ચા કરવાની રહે છે જે નીચે મુજબ છે.

મુદા નં.૧ શુ વાદી પુરવાર કરે છે કે વાદીનો પ્રાઈમાફેસી કેસ છે ?

મુદા નં.૨ શુ વાદી પુરવાર કરે છે કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના ફેવરમાં છે ?

મુદા નં.૩ શુ વાદી પુરવાર કરે છે કે વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણામાં ભરપાઈ થઈ શકે નહી તેવુ નુકશાન થવાની સંભાવનાઓ રહેલી છે.

સદરહુ મુદા એક જ સાથે સંકળાયેલા હોય અને સદરહુ કેસની તમામ હકીકતો સાથે સંલગ્ન હોય જેથી ઉપરોકત મુદા નં.૧ થી ૩ ની ચર્ચા એકી સાથે કરવામાં આવે છે.

ઉપરોકત પ્લીડીગ્સ અને હકીકતો ધ્યાને લેતાં વાદી તર્ફે એ હકીકત રેકર્ડ પર આવેલ છે કે સદરહુ મિલકત અંગે મે. કલેકટર સાહેબશ્રીનો સદરહુ મિલકતમાં ગે.કા. પાયા ખોદી પ્રતિ.નં.૧ ,૨ નાઓએ બાંધકામ કરવાનો પ્રયત્ન કરેલ હોય જે અંગે ફરીયાદ અરજી શ્રી ચૌહાણ અગરૂસિહ રતનસિહ ધ્વારા કરવામાં આવેલ હતી જે આરટીએસ/પરચ/કેસ નં.૧/૨૦૧૫થી મે.કલેકટર સાહેબશ્રી ધ્વારા નિર્ણિત કરવામાં આવેલ હતી અને તેમના ધ્વારા એવો ચુકાદો આપવામાં આવેલ હતો અને તેમાં એવી હકીકત મે.કલેકટર સાહેબશ્રીએ જણાવેલ છે કે સદરહુ પ્લોટમાં ગ્રામ પંચાયતની પુર્વ પરવાનગી સિવાય બાંધકામ કરવામાં આવેલ છે અને બાંધકામ અંગેની રજાચિઠ્ઠી મેળવવામાં આવેલ નથી તથા ગઢડા શામળાજી મંદિર ટ્રસ્ટ ધ્વારા દબાણ દુર કરાવવા સીવીલ કોર્ટ/ પોલસ ફરીયાદ રાહે કાર્યવાહી કરવાપાત્ર થાય છે. વિશેષમાં પરવાનાની ઝેરોક્ષ નકલ તથા ગ્રામ પંચાયતની વેરા પાવતી તથા આકારણી પત્રક વગેરે પુરાવા રજુ કરેલ છે તે જોતાં ગામ તળમાં ખુલ્લી જમીન, જાગીર માલીકીની હોવાથી વેચાણ થી ૩૦૦૦ ચો.ફુટ આપેલ હોવાનુ દર્શાવેલ છે. સદરહુ

પરવાનો ગામ નમુના નં.૨માં નોધાયાના આધારે કે સદર પ્લોટ વેચાણ રાખેલ હોવા અંગે રજીસ્ટર વેચાણ દસ્તાવેજના આધાર પ્રતિવાદી નં.૧ ધ્વારા રજુ થયેલ નથી તથા આકારણી પત્રક અને વેરા પાવતી ટેક્ષ વસુલવા માટેના આધાર ગણી શકાય પરંતુ માલીકી અંગેના કાયદેસરના પુરાવા નથી તેમજ ડીઆઈએલઆરશ્રી તરફથી કરવામાં આવેલ તા.૨૨/૬/૨૦૧૫ની માપણી સીટ તથા તા.૭/૭/૨૦૧૫ના અહેવાલ મુજબ ચૌહાણ રામસિહ દાનસિહે બનાવેલ પાયા સર્વે નં.૧૪ માં આવે છે અને તે સર્વે નં.ગઢડા શામળાજી મંદિરના ખાતે રેકર્ડમાં ચાલે છે તેથી મંદિર ટ્રસ્ટની ખાનગી જગ્યામાં દબાણ કરી પાયા પુરાવામાં આવેલ હોવાનુ સ્પષ્ટ થતુ હોય પ્રતિવાદી હાલના પાયા ભરેલ જગ્યામાં મકાન બાંધકામ કરવા હકકદાર રહેતા નથી તેવુ જણાવી તેમના આખરી હુકમમાં તેઓએ ગઢડા શામળાજી ગ્રામ પંચાયતને હુકમ કરી પ્રતિ નં.૧ ધ્વારા સર્વે નં.૧૪ ની જગ્યામાં અનધિકૃત બાંધકામ કરવામાં ન આવે તેવી તકેદારી રાખવા સુચના આપવામાં આવેલ છે. અને પક્ષકારોને સદરહુ હુકમથી નારાજ હોય તો સચિવશ્રી મહેસુલ વિભાગ, અમદાવાદની કોર્ટમાં દિન–૬૦માં રીવીઝન અરજી કરવા જણાવવામાં આવેલ છે. આ તબકકે પ્રતિવાદી તર્ફે સદરહુ હુકમની વિરૂઘ્ધ આરટી એસ અપીલ કે રીવીઝન અરજી સચિવશ્રી, મહેસુલ વિભાગ, અમદાવાદનાઓને કરવામાં આવેલ નથી અને તે મુજબની રજુઆત રેકર્ડ પર થયેલ નથી. વિશેષમાં સદર કામે રેકર્ડ પર રજુ થયેલ નિ.૧૦/૩ થી નિ.૧૦/૧૧ સુધીના આધારો વાદી પક્ષે રજુ કરવામાં આવેલ છે તે ઘ્યાને રાખતાં સદરહુ સર્વેનં.૨૧૪ જેનો જુનો સર્વેનં.૧૪ વાળી જમીન તથા નવો સર્વેનં.૨૧૫ વાળી જમીન ગઢડા શામળાજી મંદિર ટ્રસ્ટના નામે છે. આ તબકકે રેકર્ડ પર લ ેન્ડ ઈન્સ્પેકટર ધ્વારા કરવામાં આવેલ જમીનનો નકશો નિ.૧૦/૧૫ વાળો ઘ્યાને લેવામાં આવતાં સદરહુ નકશા મુજબ સર્વે નં.૨૧૪ વાળી જમીનમાં હાલ પ્રતિવાદીઓએ પાયા ખોદી અને બાંધકામ કરી દબાણ કરવાનો પ્રયત્ન કરેલ હોય તેવુ જણાઈ આવે છે. તેની સાથે આ કામે કોર્ટ કમિશ્નરશ્રી ધ્વારા સ્થાનીકે જઈ કરવામાં આવેલ પંચનામુ નિ.૯/૨ તથા તેની સાથે રજુ થયેલ નિ.૯/૩ વાળો નકશો (રફસ્કેચ) ઘ્યાને લેવામાં આવે તો સદરહુ મિલકત ડિસ્પુટેટ જુનો રેવન્યુ સર્વે નં.૧૪ અને રી–સર્વે નં.૨૧૪ વાળી જગ્યામાં પ્રતિવાદીએ બાંધકામ કરેલ હોવાનુ પ્રથમ દર્શનીય રીતે રેકર્ડ પર નકશો જોતાં જણાઈ આવે છે. આ તબકકે પ્રતિવાદીઓ તર્ફે રેકર્ડ પર રજુ થયેલ આધાર પુરાવા ઘ્યાને લેવામાં આવે તો પ્રતિવાદીઓ નિ.૧૨/૧ થી સદરહુ જમીન તેઓને પરવાનાના આધારે રાવ રાજાજી શ્રી ઈન્દ્રસિહજી સાહેબ ધ્વારા સદરહુ જમીનનો પરવાનો આપવામાં આવેલ હોવાનો એક ખરી નકલ વાળો દસ્તાવેજ રેકર્ડ પર રજુ કરેલછે અને નિ.૧૨/૨ થી ગઢીયા હીરાજી ભેમાજીના કાયદેસરના વારસોનુ દર્શાવતુ પેઢીનામુ રેકર્ડ પર રજુ કરેલ છે અને નિ.૧૨/૩ થી સદરહુ ગઢીયા હીરાજી ભેમાજીના વારસોનુ પેઢીનામા અંગેનુ સોગંધનામુ રજુ કરેલ છે. જયારે નિ.૧૨/૪ થી ચૌહાણ (ગઢીયા) વીરસિહ હીરસિહનુ સોગંધનામુ રજુ કરવામાં આવેલ છે અને સદરહુ વિવાદીત

જમીન આ કામના પ્રતિવાદી પાસેથી રૂા.૨૫,૦૦૦/–, તા.૨૫/૨/૨૦૧૦ના રોજ વેચાણ આપેલ હોવાનુ જણાવેલ છે. જયારે નિ.૧૨/૫ થી ગામ નમુના નં.૮નુ આકારણી પત્રક રજુ થયેલ છે જેમાં આકારણીની રકમ રૂા.૧,૦૦૦/– ચૌહાણ રામસિહ દાનસિહ ધ્વારા ભરવામાં આવેલ હોવાની હકીકત દર્શાવવામાં આવેલી છે અને જે આકારણી પત્રક વર્ષ–૨૦૧૪–૧૫ નુ છે તથા નિ.૧૨/૬ થી વર્ષ–૨૦૧૩–૧૪ માં ચૌહાણ રામસિહ દાનસિહનાઓએ કર ભર્યા બદલની પહોચ તથા નિ.૧૨/૭ થી વર્ષ–૨૦૧૪–૧૫ના કર ભર્યા બદલની પહોચ રજુ કરેલ છે. જે હકીકત ધ્યાને લેવામાં આવે તો સદરહુ મિલકત વિવાદીત જમીનનો વાર્ષિક આકારણી કર આ કામના પ્રતિવાદી ગ્રામ પંચાયતમાં ભરતા આવેલ છે તેવી હકીકત રેકર્ડ પરથી ફલીત થાય છે. વિશેષમાં આ કામે જે પરવાનો નિ.૧૨/૧ થી રજુ કરવામાં આવેલછે તે પરવાનો રાવ રાજાજી શ્રી ઈન્દ્રસિહજી સાહેબ પટે–પઢડા શામળાજી મોજે ગામ ગઢડા વાળા શ્રી ગઢીયા હીરાજી ભેમાજીને પરવાનો આપી ટ્રાન્સફર કરવામાં આવેલ હતી અને બાદમાં સદરહુ જમીન તેઓના કાયદેસરના વારસદાર ગઢીયા માનાબા હીરાજી અને ગઢીયા વીરસિહ હીરાજી ધ્વારા સદરહુ જમીન આ કામના પ્રતિવાદી નં.૧ ના નામે અવેજ પેટે રૂા.૨૫,૦૦૦/– લઈ વેચાણ આપેલ હોવાનુ રેકર્ડ પર ફલીત થયેલ છે.

આ તબકકે વાદી તર્ફે નિ.૧૪/૧ થી રજુ થયેલ ફોટોગ્રાફસ નંગ–૪ ધ્યાને લેવામાં આવે તો વિવાદીત જમીનની જગ્યા પર પ્રતિવાદીએ કરેલ બાંધકામના ફોટોગ્રાફસ હોવાનુ ફલીત થઈ આવે છે અને સદરહુ ફોટોગ્રાફસને પ્રતિવાદી તર્ફે આંક.૫ની અરજીના નિર્ણય બાબતે ચેલેન્જ કરવામાં આવેલા નથી. વિશેષમાં પ્રતિવાદીઓએ સદરહુ બાંધકામ બાબતે ગ્રામ પંચાયતમાંથી કોઈ કાયદેસરનો પરવાનો મેળવેલ હોય અને રજાચિઠ્ઠી મેળવેલ હોય તેવુ રેકર્ડ પર આવેલ નથી. તથા સદરહુ નિ.૧૨/૧ વાળા પરવાના તથા નિ.૧૨/૨ થી નિ.૧૨/૪ વાળા આધારો તથા નિ.૧૨/૫ થી નિ.૧૨/૭ વાળા આધારોને આધારે તેઓએ ગ્રામ પંચાયતમાં પોતાના નામે જમીન દાખલ કરાવેલ હોય અને તે બાબતે ગઢીયા હીરાજી ભેમાજી ના કાયદેસરના વારસો સાથે તેઓએ કોઈ લેખિત દસ્તાવેજ કરેલ હોય અને તેની નોંધણી કરાવેલ હોય તેવુ રેકર્ડ પર આવેલ નથી. તથા સદરહુ જમીન હાલ પ્રતિવાદીઓના નામે ચાલતી હોય તેવો કોઈ રેવન્યુ આધાર પુરાવો માત્ર આકારણી પત્રક નિ.૧ ૨/૫ અને નિ.૧૨/૬ તથા ૭ વાળા આધાર સિવાય પ્રતિવાદીઓએ અન્ય કોઈ આધાર પુરાવા રેકર્ડ પર રજુ કરેલ નથી.

ઉપરોકત મુજબની દસ્તાવેજી પુરાવો તથા રેકર્ડ પરની પ્રથમ દર્શનીય હકીકતો ધ્યાને રાખતાં સદરહુ જમીન હાલ ગઢડા શામળાજી મંદિર ટ્રસ્ટના નામે ચાલતી હોવાનુ પ્રથમ દર્શનીય રીતે ફલીત થઈ આવેલ છે તથા સદરહુ જમીનનો વહીવટ પણ ગઢડા શામળાજી મંદિર ટ્રસ્ટ ધ્વારા કરવામાં આવતો હોય તેવુ રેકર્ડ પર ફલીત થઈ આવેલ છે તથા નિ.૧૦/૧૬ વાળો સાબરકાંઠાના મે. કલેકટર સાહેબશ્રીનો હુકમ ધ્યાને રાખતાં પણ સદરહુ જમીન હાલ ગઢડા

શામળાજી મંદિર ટ્રસ્ટના નામે ચાલતી હોવાનુ અને તેમાં પ્રતિવાદીઓનાઓએ ગઢડા ગ્રામ પંચાયતની પુર્વ પરવાનગી સિવાય રજા ચિઠ્ઠી મેળવ્યા વગર બાંધકામ કરેલ હોવાનુ રેકર્ડ પર ફલીત થઈ આવેલ છે. આ તબકકે વાદીઓ તર્ફે નિ.૧૦/૮ થી ૧૦/૧૦ વાળા જે આધાર પુરાવા રજુ કરેલ છે તે ગામ નમુના નં.૬ ના હકકપત્રકની નોંધ છે અને સદરહુ જમીન ગઢડા શામળાજી મંદિર ટ્રસ્ટના નામે કેવી રીતે દાખલ થયેલ છે તે આ ફેરફાર નોંધની ગામ નમુના નં.૬ ની હકક પત્રકની નકલો જે વાદી તર્ફે નિ.૧૦/૮ થી નિ.૧૦/૧૦ વાળી રજુ કરવામાં આવેલ છે તે ઘ્યાને રાખતાં અવાચ્ય જણાઈ આવે છે. જેથી સદરહુ જમીન ગઢડા શામળાજી મંદિર ટ્રસ્ટના નામે કેવી રીતે દાખલ થઈ તે પુરાવાનો વિષય છે તેવી જ રીતે પ્રતિવાદીઓ તર્ફે રેકર્ડ પર નિ.૧૨/૧ થી નિ.૧૨/૭ વાળા આધાર પુરાવા ઘ્યાને રાખતાં તથા નિ.૧૨/૧ વાળો રેકર્ડ પર રજુ થયેલો પરવાનો અસલ દસ્તાવેજ છે કે કેમ તે પણ પુરાવાનો વિષય હોય હાલના તબકકે સદરહુ દસ્તાવેજી આધાર પુરાવાના આધારે માલીકીનો (ટાઈટલ)નુ અનુમાન બાંધી શકાય તેમ નથી અને જયારે આ પ્રકારના સીવીલ ડિસ્પ્યુટ હોય અને તેમાં ટાઈટલનો અને કબજા સાથે માલીકીનો પ્રશ્ન સમાયેલો હોય ત્યારે કોર્ટે કોઈ પક્ષકારને નુકશાન ન થાય તે જોવાની જવાબદારી બનતી હોય અને તે મુજબ હાથ પરના કેસમાં પણ બંને પક્ષકારો તર્ફે સદરહુ વિવાદીત જમીન બાબતે માલીકી અંગે ડિસ્પ્યુટ રહેલ છે અને તે માલીકી અંગેની સ્પષ્ટતા અને હકીકત પુરાવો રેકર્ડ થયા બાદ જ નિર્ણિત થઈ શકે તેમ હોય જેથી સદરહુ વાદી પ્રતિવાદી તર્ફે રેકર્ડ પર રજુ થયેલ હકીકતો અને દસ્તાવેજી આધાર પુરાવા જે દાવા અરજીનો રેકર્ડ પર વિગતે પુરાવો નોઘ્યા બાદ જ આખરી નિર્ણય પર આવી શકાય તેમ હોય જેથી આ કામે વાદી તર્ફે રજુ થયેલ આંક.પની વચગાળાની કામ ચલાઉ મનાઈ હુકમની અરજીના કામે મુદા નં.૧ થી ૩ નો જવાબ હકારમાં ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::: હુ ક મ :::**

વાદીની આંક.પની વચગાળાની કામ ચલાઉ મનાઈ હુકમની અરજીના કામે સદરહુ દાવાનો મેરીટ પર પુરાવો રેકર્ડ થયા બાદ આખરી નિકાલ ન આવે ત્યાં સુધી બંને પક્ષકારોએ (વાદી તથા પ્રતિવાદી) નાઓએ સદરહુ વિવાદીત જમીન મોજે ગઢડા શામળાજી, તા.ખેડબ્રહમાની સીમના જુના સર્વે નં.૧૪ કે જેનો રી–સર્વે પછીનો નવો સર્વે/બ્લોક નં.૨૧૪ ની ૩–૪૦–૮૮ હે.આરે.ચો.મી તથા ૨૧૫ ની ૧–૬૮–૮૭ હે.આરે.ચો.મી. જમીન કે જેની વિગતવાર હરમરજાદ દાવા અરજીના પેરા નં.૩ માં વર્ણવેલ છે તે હદખૂંટ ચાર વચ્ચેની દાવાવાળી વાદગ્રસ્મત મિલકત વાળી જમીન ઉપર યથાવત સ્થિતિ જાળવી રાખવાનો ન્યાયના હિતમાં અત્રેની કોર્ટ હુકમ ફરમાવે છે.

સદરહુ જમીનમાં પ્રતિવાદીઓએ દાવાનો આખર નિકાલ ન થાય ત્યાં સુધી કોઈપણ પ્રકારે બાંધકામ કે હરકત, હેલો કરવો નહી તથા સદરહુ જમીન ઉપર કોઈપણ પ્રકારે જાતે કે પોતાના

મળતીયા, એજન્ટો કે માણસો ધ્વારા કોઈપણ પ્રકારની બાંધકામ કરવાની કે થયેલ બાંધકામમાં સુધારો કરવાનો પ્રયત્ન કરવો નહી અને સદરહુ જમીન બાબતે કોઈ વ્યકિતને નામે ટ્રાન્સફર કરવાનો પ્રયત્ન કરવો નહી કે કોઈ વેચાણ દસ્તાવેજ કે બાનાખત કરવો નહી.

આ કામના વાદીઓએ સદરહુ જમીન પર પ્રતિવાદીઓ ધ્વારા કરવામાં આવેલ બાંધકામ તોડવાનો કે તે થયેલ બાંધકામને નુકશાન કરવાનો પ્રયત્ન કરવો નહી અને સદરહુ જમીન બાબતે કોઈ વ્યકિતને નામે ટ્રાન્સફર કરવાનો પ્રયત્ન કરવો નહી કે કોઈ વેચાણ દસ્તાવેજ કે બાનાખત કરવો નહી અને સદરહુ વિવાદીત જમીન મોજે ગઢડા શામળાજી, તા.ખેડબ્રહમાની સીમના જુના સર્વે નં.૧૪ કે જેનો રી–સર્વે પછીનો નવો સર્વે/બ્લોક નં.૨૧૪ ની ૩–૪૦–૮૮ હે.આરે.ચો.મી તથા ૨૧૫ ની ૧–૬૮–૮૭ હે.આરે.ચો.મી. જમીન કે જેની વિગતવાર હરમરજાદ દાવા અરજીના પેરા નં.૩ માં વર્ણવેલ છે તે હદખૂંટ ચાર વચ્ચેની દાવાવાળી વાદગ્રસ્મત મિલકતની હાલની જે યથાવત સ્થિતિ છે તે મુજબની યથાવત સ્થિતિ દાવાનો આખર નિકાલ ન આવે ત્યાં સુધી યથાવત સ્થિતિ જાળવી રાખવાનો (સ્ટેટસ્કો) હુકમ કરવામાં આવે છે.

અગાઉ સદહુ દાવા અરજીના કામે આંક.૧૩ હેઠળ કરવામાં આવેલો સ્ટેટસ્કોનો હુકમ આથી દાવાના આખર નિકાલ સુધી લંબાવવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તારીખ : ૧૪મી માહે સપ્ટેમ્બર  સને ૨૦૧૭ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સહી/–
( આનંદકુમાર અનીલભાઈ દવે )
પ્રિન્સીપાલ સીવીલ જજ
ખેડબ્રહમા.
(કોડ : જીજે૦૧૪૪૨)

ખેડબ્રહમા,
તા.૧૪/૦૯/૨૦૧૭